# -: નિસ્ફિલ્લૈલની નમાઝ :-

સલાતો નિસ્ફિલ્લૈલ યાઅની અડધી રાતની નમાઝ ખાસ તૌર પર શહરૂલ્લાહિલ આઅઝમમાં મગરિબના વક્તથી છઠ્ઠા કલાકમાં પઢાય છે અને તહજ્જુદની નમાઝનો વક્ત રાતના આખિરી હિસ્સામાં શફાઅ-વિતરની નમાઝ પહેલા હોય છે. નિસ્ફિલ્લૈલની નમાઝમાં જ તહજ્જુદને શામિલ કરી દેવામાં આવી છે અને તે બાદ શફાઅ-વિતરની નમાઝને પણ નમાઝીઓ તેના સાથે પઢી લે છે.

**" તમેં સલામને ઝાહિરી તૌર પર બોલો, લોગોને જમન જમાડો, રિશ્તેદારો સાથે મોહબ્બત રાખો અને રાતના ગેહવારામાં એ વક્ત નમાઝ પઢો કે લોગો આરામના બિસ્તર પર સુતેલા હોય અને પછી જન્નતમાં અમનો સલામતી સાથે દાખિલ થાવ. "**

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આપની હદીસે પાકમાં ફરમાવે છે કે, **" તમેં સલામને ઝાહિરી તૌર પર બોલો, લોગોને જમન જમાડો, રિશ્તેદારો સાથે મોહબ્બત રાખો અને રાતના ગેહવારામાં એ વક્ત નમાઝ પઢો કે લોગો આરામના બિસ્તર પર સુતેલા હોય અને પછી જન્નતમાં અમનો સલામતી સાથે દાખિલ થાવ. "** જો કોઈ આ કલામે શરીફની માઅરેફત રાખનાર તેમાં ગૌરો ફિક્ર કરે તો સાફ લફ્ઝોમાં નિસ્ફિલ્લૈલની નમાઝ વાસ્તે રગબત અને વક્ત બતાવવામાં આવેલો છે અને આ અમલ કરવાનો અજરો સવાબ જન્નત છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"વમિનલ્લૈલે ફતહજ્જદ બેહી નાફેલતલ લકા અસા અયં યબઅસકા રબ્બોકા મકામમ માહમૂદા"**, યાઅની "અને રાતના બાઝ હિસ્સામાં તહજ્જુદ પઢો જે તમારા વાસ્તે નાફેલત છે અને કરીબ છે કે તમારા રબ તમને મકામે માહમૂદ યાઅની કે પસંદીદહ જગામાં ઉઠાવશે." આ આયતે શરીફા અને હદીસે નબવીની સીધી અને આસાન સમઝ લેવામાં આવે તો હકીકતમાં મુમેનીનનો દરજો તે જ જન્નતમાં છે જેમાં અલ્લાહતઆલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને મકામે માહમૂદ ઈનાયત કરશે.

નિસ્ફિલ્લૈલની નમાઝ **"ફી જૌફિલ્લૈલ"** મતલબ કે રાતના પેટમાં (દરમિયાનમાં) પઢવાની હોય છે. બેહતર અને અફઝલ તરીકો તો એ છે કે શહરૂલ્લાહમાં રોઝા ઈફતારી કીધા બાદ બંદાઓને આરામ કરવો જોઈએ અને અડધી રાતે નિય્યતે ખાલેસા અને પુખ્તા ઈરાદાથી નીંદના મીઠા આરામને ઠોકર મારીને બારગાહે ઈલાહીમાં ઈખ્લાસ, યકીન અને ખુશૂઅ સાથે તલબે રેહમત અને ઉમ્મીદે મગફેરતથી બૈદાર થઈ જાવું જોઈએ. આ મુજબના અમલમાં ફઝીલત અને સવાબ દુગનો છે. દોઆતે કેરામ (આ.કુ.) નો હમેં લાતાઅદાદ શુક્રીયો અદા કરીએ કે, મુમેનીન વાસ્ત મખ્સૂસ શાકેલત અને તરઝો તરીકા પર નમાઝમાં નિય્યતોની તરતીબ એ તરહની આપેલી છે કે દીન અને દુનિયા બેવેના તકાઝાઓ-હાજતો બાખૂબી અદા થાય યાઅની કે મુમેનીનની દીની - દુનિયાવી ઝિંદગી મુઝય્યન થાય. હમ મુમેનીન મુખ્લેસીનની મઆદ અને આખેરત વાસ્તે ખમ્સતુલ અત્હાર અને સૈયેદુર્રાકેઈના વસ્સાજેદીન ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) તરફથી આ નમાઝમાં પઢાતી મુનાજાતો અને દોઆઓની શિક્લમાં એહતેમામ કરવામાં આવેલો છે. મુસીબત, મુશ્કિલ, પરૈશાની, નાગહાની હાલાત, બીમારી, બેકરારી, ઘરનો તનાવ, નાઈત્તેફાકી, રોઝીમાં તંગી, ઔલાદની નાફરમાની, ઝઈફીની તન્હાઈનો એક વાહિદ અને મોઅસ્સિર ઈલાજ અપના દોઆતોએ કઝાઈલ હવાઈજ અને નિસ્ફિલ્લૈલની નમાઝની બે-બે રકઅતોમાં બતાવેલો છે. **સિદક દિલ, વલવલા, સાચી નિય્યત અને મુકમ્મિલ યકીન સાથે આ નમાઝો અદા કરવાથી હર મુશ્કિલ રફ્તા-રફ્તા રાહતમાં તબ્દીલ થાય છે.**

**સિદક દિલ, વલવલા, સાચી નિય્યત અને મુકમ્મિલ યકીન સાથે આ નમાઝો અદા કરવાથી હર મુશ્કિલ રફ્તા–રફ્તા રાહતમાં તબ્દીલ થાય છે.**

આ નમાઝની કૈફીયત, એનો લુત્ફ અને મકબૂલીયતની સિફતો સના બયાન થઈ શકે એમ નથી. જે મુમેનીને હુઝૂરેઆલી (ત.ઉ.શ.) નો મુંબઈ શહેરમાં માઝૂનુદાઅવતનો દૌર જોએલો છે અને આપ સાથે નિસ્ફિલ્લૈલની નમાઝો પઢેલી છે તેઓ એ રાતોનો રૂહાની માહૌલ અને જાહો હશમને કોઈ વક્ત ભુલી નહીં શકે અને હુઝૂરેઆલી (ત.ઉ.શ.)ની તરઝે મુનાજાત અને પુર લુત્ફ અંદાઝીના હર વક્ત કાઈલ અને સનાખ્વાઁ રહેશે. અલ્લાહની તમામ મખ્લૂક જે વક્ત ખ્વાબીદહ હોય, ઝમીનના હર ગોશામાં સન્નાટો હોય, તે વક્ત અલ્લાહનો બંદો ફાખિર લિબાસ પહેરીને પાકીઝગીની હાલતમાં અલ્લાહની હઝરતમાં પોતાની બેબસી અને બેકસીનો ઈઝહાર કરવા દરાઝ હાથ કરીને પોતાના પાલનહારથી હાજત ને તલબ કરવાની ઈલ્તેજા કરે છે, તે લમહાત-ઘડીઓ ની નૂરાનીયતથી દિલો પર અજીબો ગરીબ અસર પૈદા થાય છે. આ ખુસૂસી લમહા નમાઝીને એ એહસાસ કરાવે છે કે, ખાલિક અને મખ્લૂકના રિશ્તા અને રાબેતાનો વક્ત નિસ્ફિલ્લૈલની નમાઝ સિવાય બીજો કોઈ અફઝલ અને બરતર ઝરીઓ નથી. આ નમાઝમાં ઝઈફ-તકલીફવાલા લોગો વાસ્તે બંદિશ કે તાકીદી ફરમાન નથી યાઅની કે તકલીફના સબબ કોઈ શખ્સ ચંદ નમાઝો પઢે અને ચંદને ન પઢે તો કાફી છે પણ તહજ્જુદની નમાઝ પઢાય એટલી તો નિય્યત કરે જ. દોઆતે કેરામ (આ.કુ.) એ નિસ્ફિલ્લૈલની નમાઝ વાસ્તે એ નિઝામ બનાવો છે કે, તમામ નમાઝીઓ ઈમામત બગૈર પોતાની જ નમાઝ પઢે મગર રઝાના સાહબ નિય્યતો, મુનાજાતો અને દોઆઓ બલંદ આવાઝથી પઢે, જેના સબબ તમામ નમાઝીઓ ને તેનાથી મનફેઅત અને ફૈઝ હાસિલ થાય. **"અસ્સામેઓ કલ કારી"**, સાંભલનાર પઢનાર મુજબ છે.

શહરૂલ્લાહની પહેચાન અને ખાસીયત, એની તડપ અને જાન, એની હરારત અને ગરમજોશી, એની અઝમત અને કરામત રોઝા, નિસ્ફિલ્લૈલની નમાઝ અને દાઅવતે હક્કની વાજેબાતની અદાએગીથી જ છે. આ ચીઝો બગૈર રમઝાનુલ મોઅઝ્ઝમની ઈબાદત નામુકમ્મિલ છે સબબ કે શરીઅતના બીજા ફરઝો તો મુમેનીન બાકીના ૧૧ મહીનાઓમાં અદા કરે જ છે. હવે જે શખ્સ આ અઝીમ મેહમાનનો હક્ક અદા નથી કરતો અને એના નઝદીકથી આ ઈલાહી મેહમાન આમને આમ ગુઝરી જાય છે તો પછી એ ઈલાહી ઈન્આમો ઈકરામ અને અજરો સવાબથી પણ મેહરૂમ રહી જાય છે, એવા લોગોને ઈદુલ ફિત્ર મનાવવાનો પણ હક્ક રહેતો નથી. એ વાત સાચી છે કે નિસ્ફિલ્લૈલની નમાઝ નાફેલતની નમાઝ છે અને તે ફરઝોને અદા કીધા બાદ જ પઢી શકાય અને એની પૂછની નથી, એ સોચીને એની એહમીયત ઘટી નથી જાતી. **અલ્લાહતઆલા રમઝાનમાં હર નૈક અમલનો સવાબ ફરઝ કીધા મુજબ આપે છે** અને બીજા મહીનાઓની ઈબાદતથી શહરૂલ્લાહની ઈબાદતને નમાઝે નિસ્ફિલ્લૈલ એક ઊંચો શરફ અને મુમ્તાઝ મકામ બખ્શે છે. જે મુમેનીનને નિસ્ફિલ્લૈલની નમાઝ વાસ્તે આદત નથી તેઓ હવે નિય્યત કરે અને ઝરૂર ઈબ્તેદામાં દુશ્વારી લાગશે પણ એક વક્ત જો આદતમાં આવશે તો ઈદ તક ઈબાદતનો ઔજ કઈ ઔર જ હશે.

**" તબીઅત કો હોગા કલક ચંદ રોઝ,**
**ઠહરતે ઠહરતે ઠહર જાયેગી. "**

દાઅવતની કિતાબોમાં રિવાયત નકલ કરવામાં આવી છે કે, તહજ્જુદની નમાઝની ઝિક્ર જે આયતમાં છે તેના આખિરમાં અલ્લાહતઆલા જે મકામે માહમૂદની ઝિક્ર ફરમાવે છે તે મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ને કયામતના દિન **"મકામુશ શફાઅત"** મીલશે તે છે. કયામતના દિન સઘલા અંબિયા "નફસી નફસી" કહેતા હશે અને હરએક પોતાના નફસની શફાઅતની ફિક્રમાં હશે. અંબિયા ખુદ શફાઅત કરવાથી માઅઝેરત પૈશ કરશે. તે વક્ત સઘલા ગુનાહગારો મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ને નઝદીક આવશે. આપ (સ.અ.વ.વ.) અર્શે ઈલાહીના સામે દરાઝ સજદો અદા કરશે અને ગુનાહગારો વાસ્તે મગફેરત તલબ કરશે. તે વક્ત નિદાએ ગૈબ આવશે કે, અય મોહંમદ, માથું ઊંચું કરો અને ફરમાવો, તમારા કૌલ અને શફાઅત કુબૂલ કરવામાં આવશે, તમારા સવાલનો જવાબ આપવામાં આવશે. તે વક્ત આપ (સ.અ.વ.વ.) ની શફાઅતથી ત્રણ મરતબા ગુનાહગારો બખશાશે અને અઝાબે ઈલાહીથી નીકાલા જાશે. આખિરમાં એવા લોગો જે કાફિરો-મુશ્રિકો હશે તેઓ જહન્નમમાં રહી જાશે કે જેઓના દિલો હર દૌરમાં સાહબે હક્કની અદાવતથી ભરેલા હશે. એ કાફિરો કેહશે કે, **"આજે હમારા વાસ્તે કોઇ બચાવનાર, શફાઅત કરનાર કે હમારા હાલ પર તરસ ખાનાર નથી."**

સૈયદના મોઅય્યદ શીરાઝી સાહબ (ક.રૂ.) જે ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના બાબુલ અબ્વાબ હતા, ફરમાવે છે કે, "અય લોગો ! તમેં અંધારી રાતમાં તહજ્જુદની નમાઝ પઢીને તમારા નફસો જાનની બલંદીને વાસ્તે જેહાદ કરો અને ગફલતની ઊંઘમાંથી બૈદાર થઈ જાવ અને દુનિયાવી કામકાજ, વાબિસ્તગી અને મશગૂલીયતથી નઝર હટાવીને આ ફાઝિલ અય્યામમાં તમારી ઝાતને આખેરતની દૌલત કમાવવા વાસ્તે પીરોવો." રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જે કોઈ રાતની નમાઝને કાઈમ કરશે તો અલ્લાહતઆલા એના ચેહરાને દિનમાં ખૂબસૂરત બનાવશે; યહાઁ ખૂબસૂરતીનો મતલબ એના રોઅબ, હૈબત અને નૂરાનીયતનો છે. સૈ. શીરાઝી સાહબ રાતની નમાઝની તાઅબીર દુનિયાવી ઝિંદગીથી કરે છે અને દિનમાં ચેહરાની ખૂબસૂરતીની તાઅબીર આખેરતમાં નૂરથી કરે છે. યાઅની કે જે કોઈ શખ્સ આ દુનિયામાં ઈમામે ઝમાનાની માઅરેફત સાથે હુસ્ને અમલ બજા લાવશે તો અલ્લાહતઆલા એને આખેરતમાં ઈમામુઝ્ઝમાનના ઝુમરામાં મહશૂર કરશે. હજી આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **"મુમિનનો શરફ રાતમાં નમાઝને કાઇમ કરવામાં છે અને એની ઇઝ્ઝત પોતાની હાજતો વાસ્તે લોગોથી બેપરવાહ થાવામાં છે."**

**" મુમિનનો શરફ રાતમાં નમાઝને કાઈમ કરવામાં છે અને એની ઈઝ્ઝત પોતાની હાજતો વાસ્તે લોગોથી બેપરવાહ થાવામાં છે. "**

અડધી રાતની નમાઝની કૈફીયત, ફઝીલત, ઈઝ્ઝો વકાર શાયરે પોતાની ઝબાનમાં કયા અંદાઝથી પૈશ કીધેલી છે તે પર નઝર નાખીએ અને આ નમાઝ વાસ્તે કમરબસ્તા થાવાની અલ્લાહ અઝ્ઝા વ જલ્લા પાસે તૌફીક ચાહીએ.

દિલસે નિસ્ફિલ્લૈલ કી કરલો અદા તુમ દો રકાત,
હૈ નમાઝ ઐસી યે જીસસે ખુશ હો રબ્બે કાએનાત.
બારિશે અન્વાર તુમ પર હોગી ઝૂમેગી હયાત,
મહેરબાં હોગી હરએક લમ્હા ખુદાકી તુમ પ ઝાત.
હો કોઈ મુશ્કિલ કા અંદેશા તો પઢલો યે નમાઝ,
મુમિનો રાહત તુમ્હેં દેગા ખુદાએ કારસાઝ. ★